DISCLAIMER: The translated judgment in vernacular language is meant for the restricted use of the litigant to understand it in his/ her language and may not be used for any other purpose. For all practical and official purposes, the English version of the judgement shall be authentic and shall hold the field for the purpose of execution and implementation.

"અહેવાલપાત્ર"

ભારતની સર્વોચ્ચ અદાલત સમક્ષ

ફોજદારી અપીલીય હુકુમત

ફોજદારી અપીલ નં. ૧૫૪૦/૨૦૧૮

(એસ.એલ.પી. (ક્રિ.) નં. ૮૭૩૯/૨૦૧૮ માંથી ઉદભવેલ)

કનુભાઈ ભગવાનભાઈ નાયક — અપીલકર્તા(ઓ)

વિરુદ્ધ

ગુજરાત રાજ્ય — સામાવાળા(ઓ)

ચુકાદો

ન્યાયમૂર્તિ અભય મનોહર સપ્રે

૧) પરવાનગી આપવામાં આવી.

૨) વડોદરાના નવમા અધિક સેશન્સ જજે સેશન્સ કેસ નં. ૧૦૧/૨૦૧૦ માં તારીખ ૩૦/૦૯/૨૦૧૧ના રોજ પસાર કરેલ તકસીરવાન ઠેરવતાં અને સજા કાયમ રાખતાં હુકમ અને હાલના અપીલકર્તાઓ દ્વારા દાખલ કરવામાં આવેલ અપીલ ફગાવતાં, અમદાવાદ સ્થિત ગુજરાત ઉચ્ચ ન્યાયાલયની ડિવિઝન બેન્ચે

ફોજદારી અપીલ નં. ૧૫૧૨/૨૦૧૧માં તારીખ ૨૫/૦૪/૨૦૧૬ના રોજ પસાર કરેલ, આખરી ચુકાદા અને હુકમ વિરુદ્ધ આ અપીલ દાખલ કરવામાં આવી છે.

૩) સદરહુ અપીલનો નિકાલ કરવાં, અત્રે નીચે જણાંવેલ, કેટલાંક તથ્યોનો ઉલ્લેખ જરૂરી છે.

૪) ઉચ્ચ ન્યાયાલયની ડિવિઝન બેન્ચે વાદગ્રસ્ત હુકમથી, અપીલકર્તા (આરોપી) દ્વારા દાખલ કરવામાં આવેલ ફોજદારી અપીલ ફગાવી હતી અને વડોદરાના નવમા અધિક સેશન્સ જજે સેશન્સ કેસ નં. ૧૦૧/૨૦૧૦માં, ભારતીય દંડ સંહિતા, ૧૮૬૦ (હવે પછી અત્રે "ભા.દં.સં." તરીકે ઉલ્લેખિત)ની કલમ ૩૦૨ હેઠળ કરેલ તેની તકસીરવારી અને સજાનો હુકમ કાયમ રાખ્યો હતો, જેને પગલે સદરહુ અપીલકર્તા (આરોપી)એ આ અદાલત સમક્ષ સ્પેશયલ લીવની રાહે હાલની અપીલ દાખલ કરી હતી.

૫) વિચારણાંની માંગ કરતો, આ અપીલમાં ઊભો થયેલ પ્રશ્ન એ છે કે, આરોપી દ્વારા દાખલ કરાયેલ અપીલ ફગાવવામાં અને તે અન્વયે અધિક સેશન્સ જજે કરેલ તકસીરવારી અને સજાનો હુકમ કાયમ રાખવામાંમાં ઉચ્ચ ન્યાયાલય ઉચિત હતી કે કેમ.

૬) અપીલકર્તા વતી હાજર વિદ્વાન વરિષ્ઠ વકીલ સુશ્રી વિભા દત્તા મખીજાને અને સામાવાળા વતી વિદ્વાન કાઉન્સેલ સુશ્રી પૂજા સિંગને સાંભળ્યા.

૭) અપીલકર્તા વતી હાજર વિદ્વાન વરિષ્ઠ વકીલને સાંભળવા અને કેસના રેકોર્ડના અધ્યયન ઉપરાંત, અમે અપીલ ગ્રાહ્ય રાખવા, વાદગ્રસ્ત હુકમ રદબાતલ કરવાં અને ગુણદોષ પર ફોજદારી અપીલને નવેસરથી ફેંસલ કરવા સદરહુ કેસ ઉચ્ચ ન્યાયાલયને રિમાન્ડ કરવાં મજબૂર છીએ.

૮) કેસને રિમાન્ડ કરવાની જરૂર ઊભી થઇ છે, કારણે કે, ડિવિઝન બેન્ચે કેસમાં ઉદભવતાં કોઇ મુદ્દાની ચર્ચા કરી નથી, પૂરાવા ધ્યાને લીધા નથી અને કેસમાં ઊભાં થયેલ તેમજ અપીલકર્તાએ દલીલ કરેલ મુદ્દાઓ પર પોતાના કોઇ તારણો નોંધ્યા નથી.

૯) વાદગ્રસ્ત હુકમને વંચાણે માત્ર લેતાં જણાય છે કે, ડિવિઝન બેન્ચે પહેલાં પોસ્ટમોર્ટમ રિપોર્ટ ધ્યાને લીધો અને તેના અધ્યયન પર અવલોકન કર્યું કે, મૃતકના શરીર પરની ઈજાઓ છતું કરે છે કે, સદરહુ મૃત્યુ માનવવધ હતું જે ખૂન તરફ દોરી જાય છે. ત્યારબાદ ડિવિઝન બેન્ચે અવલોક્યું હતું કે, "વિવિધ સાક્ષીઓ" થકી મળતાં પૂરાવાઓ તે છતું કરે છે કે, તે આરોપી હતો કે જે ગુન્હાના સ્થળે હાજર હતો અને જેણે મરણજનાર પર હુમલો કર્યો હતો. ત્યારબાદ,

ડિવિઝન બેન્ચે અવલોક્યું હતું કે, અધિક સેશન્સ જજે ફરિયાદ પક્ષ દ્વારા રજૂ કરવામાં આવેલ તમામ પૂરાવાઓની "ઝીણવટભરી તપાસ" કરી અને નક્કર અને પ્રતીતિજન્ય કારણો આપ્યાં હોઇ, અધિક સેશન્સ જજે લીધેલ દ્રષ્ટિકોણ સાથે ઉચ્ચ ન્યાયાલય સંપૂર્ણપણે એકમત છે. ડિવિઝન બેન્ચે માત્ર હકીકતોના વર્ણન સાથે અપીલ ફગાવી હતી.

૧૦) અમારા મતે, ફોજદારી પ્રક્રિયા સંહિતા, ૧૯૭૩ની કલમ ૩૮૬(બી) હેઠળની અપીલીય અદાલતની સત્તાઓની દ્રષ્ટિએ, ડિવિઝન બેન્ચે કેસમાં ઊભાં થતાં મુદ્દાઓ સબબ ફરિયાદ પક્ષના પ્રત્યેક સાક્ષીના પૂરાવાને ચકાસવો જોઇતો હતો અને આરોપીએ અપીલમાં લીધેલાં વાદના પ્રકાશમાં તેને ચકાસવો જોઇતો હતો તથા ત્યારબાદ, તેનું અનુમોદન કે તેમાં સુધારો કે તેને રદિયો આપતું તારણ, જે પણ લાગૂ પડતું હોય તે, નોંધવું જોઇતું હતું.

૧૧) વાદગ્રસ્ત હુકમમાં કોઇપણ પૂરાવાનો ઉલ્લેખ કે તેની મૂલવણી કે કોઇ ચર્ચા કરવામાં આવી નથી અને તેથી પણ ઓછું તારણ બાબતે છે.

૧૨) અમારા મતે, ઉચ્ચ ન્યાયાલયને તેની અપીલીય હુકુમતમાં, વાદગ્રસ્ત હુકમની કાયદેસરતા અને ઔચિત્ય તપાસતાં સમયે, હકીકતો અને કાયદાના મુદ્દાઓની તપાસ કરવાની સત્તા છે. ડિવિઝન બેન્ચ માટે પણ તે એટલું જ

આવશ્યક છે કે, દલીલ કરાયેલ મુદ્દાઓ ધ્યાને લેવામાં આવે અને તે મુદ્દાઓને નિયમિત કરતાં આ અદાલતે પ્રસ્થાપિત કરેલ કાયદાને નજર સમક્ષ રાખી, એક કે બીજી રાહે, પોતાના તારણો નોંધવાના રહે છે.

૧૩) આથી, સદરહુ અપીલના આવા ફેંસલ થવા સાથે સહમત થવામાં અમે પોતાને અસમર્થ પામીએ છીએ અને વાદગ્રસ્ત હુકમને રદબાતલ કરવાનો અને કાયદા મુજબ અપીલને તેના ગુણદોષ પર નવેસરથી ફેંસલ કરવાની વિનંતી સહ રદરહુ કેસ ઉચ્ચ ન્યાયાલયની ડિવિઝન બેન્ચને રિમાન્ડ કરવાનું વલણ રાખીએ છીએ.

૧૪) જ્યારે કે કેસને રિમાન્ડ કરવાનો મત ઘડાયો છે, ત્યારે અમને કેસના ગુણદોષમાં ઉતરવાનું યોગ્ય જણાતું નથી. આથી, અમે, અમારાં અવલોકનોથી પ્રભાવિત થયા વિના, કાયદા મુજબ, તમામ મુદ્દાઓ તેના ગુણદોષ પર ફેંસલ કરવાનું ડિવિઝન બેન્ચ પર છોડીએ છીએ.

૧૫) ઉપરોક્ત ચર્ચાની દ્રષ્ટિએ, અપીલ સફળ થાય છે અને તે પ્રમાણે તે મંજૂર કરવામાં આવે છે. વાદગ્રસ્ત હુકમ રદબાતલ થાય છે. અમે ઉચ્ચ ન્યાયાલયને શક્ય તેટલી શીઘ્રતાપૂર્વક, બને તો છ માસની અંદર, સદરહુ અપીલ ફેંસલ કરવા વિનંતી કરીએ છીએ.

૧૬) પડતર અરજી(ઓ), જો કોઇ હોય તો, તેનો નિકાલ કરવામાં આવે છે.

.....ન્યાયમૂર્તિ
[અભય મનોહર સપ્રે]

.....ન્યાયમૂર્તિ
[ઇન્દુ મલ્હોત્રા]

નવી દીલ્હી;
૦૩ ડિસેમ્બર ૨૦૧૮

DISCLAIMER: The translated judgment in vernacular language is meant for the restricted use of the litigant to understand it in his/ her language and may not be used for any other purpose. For all practical and official purposes, the English version of the judgement shall be authentic and shall hold the field for the purpose of execution and implementation.